# ચતુરાઈનો ખજાનો

– હસમુખ રાવળ

એક ગરીબ માણસ પોતાના ત્રણેય દીકરાઓને અવારનવાર કહેતો.

'દીકરાઓ, મારી પાસે નથી નગદ નાણું કે નથી સોનું. તમારે બીજી જાતનો ખજાનો મેળવવાની કોશિશ કરવી જોઈએ. તમે ત્રણેય વધુ જાણવા ને સમજવાના પ્રયત્નો આદરો. કોઈ પણ ચીજને સાંગોપાંગ સમજવાની આદત કેળવજો, એથી તમને સોનાના ખજાના કરતાંયે વધુ લાભ ને નામના મળશે. પછી તમને કોઈ ચીજની કમી નહિ જણાય'

તે ડોસો ગુજરી ગયા પછી ત્રણેય ભાઈઓ દુનિયાને જોવા નીકળી પડયા. ત્યાં સુધીમાં તેમણે સારી એવી ચતુરાઈ મેળવી લીધી હતી. તેઓ સતત ચાલીસ દિવસ સુધી મુસાફરી કરતા રહ્યા.

જ્યારે ખોરાક ખલાસ થયો ને પગમાં છાલાં પડયાં, ત્યારે થોડો આરામ કરવા રોકાયા. વળી તેઓ ચાલવા લાગ્યા. છેવટે તેઓ કોઈ શહેરની નજીક પહોંચ્યાં. અચાનક મોટો ભાઈ થોભ્યો ને જમીન પર નજર નાખીને બોલ્યોઃ

'થોડી વાર પહેલાં અહીંથી એક જાડું ઊંટ પસાર થયું છે !'

વચેટ ભાઈએ ઝીણી નજર કરીને કહ્યું : 'ઊંટ એક આંખે કાણું હતું !'

સૌથી નાના ભાઈએ બારીકાઈથી જોઈને કહ્યું : ઊંટ પર એક સ્ત્રી ને બાળક બેઠાં હતાં !'

થોડીવારે કોઈ ઘોડેસવાર ત્યાંથી પસાર થયો. સૌથી મોટા ભાઈએ એની સામે જોઈને પૂછ્યું : 'તમે કાંઈ ખોવાયેલું શોધો છો ?'

'હા'.

‘તમારું ઊંટ ખોવાઈ ગયું છે ને ?’ મોટાએ પૂછ્યું.

‘હા’.

‘તે ખૂબ ભારે હતું ને ?’

‘હા’.

‘તે એક આંખે કાણું હતું ને ?’ વચેટે પૂછ્યું.

‘હા’.

‘એક સ્ત્રી બાળક સાથે તેના પર બેઠી હતી ને ?’ સૌથી નાનાએ સવાલ કર્યો.

તે ઘોડેસવાર ત્રણેય પર શંકાભરી નજર કરીને બોલ્યો : ‘તો તમે મારું ઊંટ ચોર્યું છે, એમ ને ? બોલો, એનું શું કર્યું ?’

‘અમે તારા ઊંટને જોયું પણ નથી.’ સૌ બોલ્યા.

‘તો તમે આટલી હકીકત શી રીતે જાણી શક્યા ?’

ભાઈઓએ જવાબ દીધો : ‘કારણ કે અમે આંખ ને મગજ પાસેથી કામ લેવાનું જાણીએ છીએ. ઝટ પેલી તરફ ઘોડો દોડાવ, ત્યાં તને તારું ઊંટ મળી આવશે.’

‘ના, મારું ઊંટ તમારી પાસે જ છે. તમારે તે મને પાછું આપવું જ પડશે.’

બહુ સમજાવ્યો, છતાં તે ઘોડેસવાર ન માન્યો. એણે તલવાર ઘુમાવીને ત્રણેય ભાઈઓને આગળ ચાલવાનો હુકમ કર્યો. તેમને બાદશાહના મહેલ સુધી ઢસડી ગયો ને પહેરેગીરને સોંપીને બાદશાહ સામે ફરિયાદ કરવા લાગ્યો : ‘હું ઊંટના કાફલાને પહાડ પર લઈ જતો હતો. મારી પત્ની ને નાનું બાળક જાડા, કાણાં ઊંટ પર બેસીને મારી પાછળ

આવતા હતાં. ઊંટ પાછળ રહી ગયું ને રસ્તો ભૂલી ગયું. હું તેમને શોધવા નીકળ્યો, તો મને આ ત્રણે માણસો મળ્યા. એમની વાતો પરથી મને લાગે છે કે તેમણે મારું ઊંટ ચોર્યું છે ને મારી પત્ની તેમ જ મારા નાના બાળકને એમણે મારી નાખ્યાં છે.'

'તું એવું શાથી માને છે ?'

'એમણે મને સામેથી કહ્યું કે તે ઊંટ જાડું–કાંણું અને તેની પર એક સ્ત્રી ને બાળક બેઠાં હતાં.'

બાદશાહના કહેવાથી ઊંટનો માલિક તે ત્રણેય ભાઈઓને બાદશાહની સામે લઈ આવ્યો. બાદશાહે તેમને 'ચોર' કહીને ધમકાવ્યા, તો તેમણે જવાબ દીધોઃ 'અમે ચોર નથી ને એનું ઊંટ જોયું પણ નથી.'

'તો પછી તમે ઊંટનું વર્ણન શી રીતે કરી શકો ? તમે જોયા વિના એ બધું શી રીતે કહી શકો ?'

'નામદાર, એમાં નવાઈ પામવા જેવું કાંઈ નથી. નાનપણથી જ અમને એવી આદત પડી ગઈ છે કે અમે કોઈ ચીજ જોવાથી આગળ–પાછળનું સમજી જઈએ છીએ ! અમે ઝીણી નજરે જોઈએ છીએ અને મગજથી બરાબર વિચારીએ છીએ, એથી જ ઊંટને જોયા વિના જ અમે તેને જણાવી દીધું કે ઊંટ  કેવું હતું !' ભાઈઓએ જવાબ દીધો.

એમની વાત સાંભળી બાદશાહ હસી પડયો. છેવટે તે ત્રણેય ભાઈઓની પરીક્ષા કરવા એણે પોતાના વજીરને બોલાવ્યો અને તેના કાનમાં કાંઈક કહ્યું. તરત જ વજીર બહાર ગયો ને થોડી વારમાં જ તે બે નોકરો સાથે પાછો ફર્યો. નોકરોએ એક પેટી એ ભાઈઓ સામે રાખી ! ત્રણેય ભાઈઓ તે પેટીને ઝીણી નજરે જોતાં રહ્યા. એમણે તે વાતને બરાબર જોઈ કે પેટી ક્યાંથી ને કેવી રીતે લાવવામાં આવી હતી ને એ પેટીને કેવી રીતે ફર્શ પર રાખવામાં આવી ! પછી બાદશાહે પૂછ્યું : 'હા, તો તમે કહો કે આ પેટીમાં શું છે ?'

સૌથી મોટા ભાઈએ કહ્યું : ‘બાદશાહ સલામત, એમાં એક નાનકડી ચીજ છે.’

વચેટ ભાઈ બોલ્યો : ‘એમાં દાડમ છે.’

‘હા, અને તે દાડમ કાચું છે.’ સૌથી નાના ભાઈએ બાદશાહને કહ્યું.

પછી બાદશાહે પેટી ખોલવાનો હુકમ કર્યો. પેટી ખોલ્યા પછી જોયું, તો તેમાં કાચું દાડમ જણાયું ! બધા આશ્ચર્યથી જોતા રહ્યા.

બાદશાહને પણ અપાર આશ્ચર્ય થયું. પછી તેણે ઊંટના માલિકને કહ્યું : ‘આ ત્રણેય ભાઈઓએ સાબિત કરી દીધું કે તેઓ ચોર નથી ! હકીકત તો એ છે કે તેઓ ખૂબ જ સમજદાર માણસો છે ! તું ક્યાંક જઈને તારા ઊંટની શોધ કર.’

બાદશાહના મહેલમાંના સૌ લોકો ને બાદશાહને પણ એ વાતનું આશ્ચર્ય હતું કે તેઓ પેટીમાં રાખેલા કાચા દાડમને શી રીતે જાણી શક્યા ! તે બાદશાહે ભાઈઓને કહ્યું : ‘તમે સૌ નિર્દોષ છો. જ્યાં જવું હોય, ત્યાં જઈ શકો છો. હા, જતાં પહેલાં મને તે વાત તો કહો કે ઊંટને જોયા વિના ઊંટ વિશે શી રીતે જાણી શક્યા ?’

સૌથી મોટા ભાઈએ જવાબ આપ્યો : ‘ધૂળ પર ઊંટના પગનાં નિશાન પરથી મને લાગ્યું કે ત્યાંથી કોઈ વજનદાર ઊંટ પસાર થયું છે ! જ્યારે મેં મારી પાસેથી પસાર થતા ઘોડેસવારને પોતાની ચોતરફ નજર કરતો જોયો, ત્યારે મને થયું કે તે કોઈ ચીજ શોધે છે !’

‘વાહ !’ બાદશાહે કહ્યું : ‘મને હવે એ કહો કે તમારામાંથી કોણે તે ઘોડેસવારને કહ્યું કે ઊંટ એક આંખે આંધળું છે ?’

વચેટ ભાઈએ બાદશાહને જવાબ આપ્યો : ‘મેં તેવું અનુમાન એથી કર્યું હતું કે સડકની જમણી બાજુના ઘાસને ઊંટે ચર્યું હતું, પણ ડાબી બાજુનું ઘાસ એમનું એમ જ હતું !’

‘ખૂબ સરસ. તમારામાં કોણે એવું અનુમાન કર્યું કે ઊંટ પર બાળક સાથે સ્ત્રી બેઠેલી હતી ?’

સૌથી નાના ભાઈએ જવાબ દીધો : ‘મેં. મેં જોયું કે એક જગ્યાએ ઊંટના ઘૂંટણ ટેકવીને બેસવાનું નિશાન હતું. એની પાસે જ રેતી પર એક સ્ત્રીના પગરખાનાં નિશાન જોવા મળ્યાં. પાસે જ નાના–નાના પગનાં નિશાન હતાં, તેથી મને લાગ્યું કે સ્ત્રીની સાથે એક બાળક પણ હતું.’

બાદશાહે તે ત્રણેયની વાતોથી ખુશ થઈને કહ્યું : ‘હું તમારી ચતુરાઈ પર ખૂબ ખુશ છું ! બીજી વાત. મને એ કહો કે તમને શી રીતે ખબર પડી કે પેટીમાં કાચું દાડમ છે ! મને તે વાતનું આશ્ચર્ય છે !’



સૌથી મોટા ભાઈએ કહ્યું : 'પેટીને જે રીતે નોકરો ઉઠાવીને લાવ્યા હતા, તે પરથી એક વાત સ્પષ્ટ જણાતી હતી કે પેટી જરા પણ ભારે નથી ! જ્યારે તે પેટી ફર્શ પર મૂકી ત્યારે મને એમાં કોઈ નાનકડી ગોળ ચીજ દડવાનો અવાજ, સંભળાયો !'

વચેટ બોલ્યોઃ 'પેટી બગીચા તરફથી લાવવામાં આવી હતી, તેથી મેં અનુમાન કર્યું કે તે નાની–ગોળ ચીજ દાડમ જ હશે, કારણ કે આપના મહેલની આસપાસ દાડમનાં ઘણાં જ ઝાડ છે !'

બાદશાહે નાના ભાઈને છેલ્લો સવાલ પૂછ્યો : 'પણ તું શી રીતે જાણી શક્યો કે દાડમ કાચું છે ?'

'ચોખ્ખી વાત છે. બગીચામાં અત્યારે કાચાં દાડમ છે, તે તો આપ જોઈ શકો છો !' એમ કહીને નાના ભાઈએ ખુલ્લી બારી તરફ ઈશારા કર્યો.

બાદશાહે બહાર નજર કરી, તો જણાયું કે બગીચામાં ઝાડ પર કાચાં દાડમ જ લટકતાં હતાં !

બાદશાહ તો તે ભાઈઓની અસાધારણ તીક્ષ્ણ નજર અને તીવ્ર બુદ્ધિ–ચતુરાઈ પર આફરીન થઈ ગયો. તેમના વખાણ કરતાં કહ્યું.

'ધનદોલત કે વૈભવી ચીજોથી ભલે તમે અમીર નથી, પણ તમારી પાસે એથીયે મોટો ચતુરાઈનો ખજાનો છે !'

■